**ગામના નમુના નં. ૧૨ની નિભાવણીની પધ્ધતિ**
**તથા નકલ આપવાની વ્યવસ્થા બાબતની**
**સૂચનાઓ**

ગુજરાત સરકાર
મહેસુલ વિભાગ
પરિપત્ર ક્રમાંક:એલઆરસી/૧૦૨૦૧૨/૧૫/લ.૧
સચિવાલય , ગાંધીનગર
તા. ૧૬ /03/૨૦૧૨

**વંચાણે લીધા:-** વિભાગનો સરખા ક્રમાંકનો તા. ૨૨/૨/૨૦૧૨નો પરિપત્ર

**પરિપત્ર**

ઉકત વંચાણે લીધેલ પરિપત્રથી હાલમાં રાજયસરકારે જમીનના રેકર્ડમાં ગામ નમૂના નંબર ૧૨ ને ગામ નમૂના નંબર ૭/૧૨માંથી અલગ કરવા પરિપત્ર બહાર પાડેલ છે. આમ હવે જમીન રેકર્ડની નકલ માટે ફકત ગામ નમૂના નંબર ૭ની પ્રિન્ટ આપવાની થશે. આ નકલ હાલની વ્યવસ્થા પ્રમાણે ઇ-જમીન કેન્દ્રમાંથી અને ઇ-ગ્રામ સેન્ટરમાંથી મળી શકશે.

ગામ નમૂના નંબર ૧૨ની નિભાવણી અને તેની નકલ આપવા નીચે મુજબની વ્યવસ્થા કરવાની રહેશે.

**નિભાવણી:-**

૧. ગામ નમૂના નંબર ૧૨ની વર્ષવાર, મોસમ વાર નિયત થયેલ ગામો માટે ડેટા એન્ટ્રી ઇ-ગ્રામ સેન્ટરમાંથી સંબંધિત ગામનાં તલાટી કમ મંત્રીએ કરવાની રહેશે.

૨. આ ડેટા એન્ટ્રી થયા બાદ તલાટી કમ મંત્રી આ ડેટા લોક કરશે.

૩. ફકત લોક કરેલ ડેટાની જ ગામ નમૂના નંબર ૧૨માં નકલ નીકળી શકશે.

૪. જો આ લોક કરેલ ડેટામાં કોઇ સુધારો હશે તો તેની સુધારા હુકમ કરવાની સત્તા સંબંધિત મામલતદારશ્રીની રહેશે, મામલતદારશ્રી દ્વારા થયેલ સુધારા હુકમની ડેટા એન્ટ્રી ઇ-ધરા કેન્દ્રમાં ગામ નમુના નંબર ૧૨માં થશે.

૫. જુનો ડેટા અને નવો સુધારેલ ડેટા બંન્ને ડેટા ગામ નમુના નંબર ૧૨માં દેખાશે. જુનો ડેટા અલગ નિશાનીથી દર્શાવાશે.

૬. આખા ગામની ડેટા એન્ટ્રી કરીને તલાટી એક જ વારમાં એકજ કલીકથી ડેટા લોક કરી શકાશે. ભવિષ્યમાં ઇ-ગ્રામ કક્ષાએ ફિંગર પ્રિન્ટ રીડર ઉપલબ્ધ થવાથી આ લોક કરવાની પધ્ધતિ ફિંગર પ્રિન્ટ વેરીફીકેશનથી પણ થઇ શકશે.

**નકલ આપવાની વ્યવસ્થાઃ-**

૧. ગામ નમુના નંબર ૧૨ની નકલ ઇ-ગ્રામ સેન્ટરથી નીકળી શકશે.

૨. આ ગામ નમુના નંબર- ૧૨ની નકલ પણ બીજા નમુના પ્રમાણે પંચાયત ગ્રામ ગૃહ નિમાર્ણ અને ગ્રામ વિકાસ વિભાગ નક્કી કરે તે દરે ઇ-ગ્રામ સેન્ટર પરથી મળશે.

૩. આ નકલ ફકત ઇ-ગ્રામ ઉપરથી મળશે. આ માટે ઇ-જમીન અને ROR@Anywhere ના સોફટવેરમાં જરૂરી સુધારા કરી આ વ્યવસ્થા ઉભી કરવામાં આવશે.

આપનો વિશ્વાસુ

(કે.ડી.ઉપાધ્યાય)
નાયબ સચિવ
મહેસુલ વિભાગ

નકલ રવાના

- અધિકમુખ્ય સચિવશ્રી- પંચાયત વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી(મ.વિ)ના અંગત સચિવશ્રી તરફ જરૂરી જાણ સારૂ
- સચિવશ્રી(જ.સુ), મહેસુલ વિભાગના અંગત સચિવશ્રી તરફ જરૂરી જાણ સારૂ
- મહેસુલ તપાસણી કમિશનરશ્રીના અંગત સચિવશ્રી તરફ જરૂરી જાણ સારૂ
- સર્વે કલેક્ટરશ્રીઓ તરફ જરૂરી કાર્યવાહી સારૂ.
- ખાસ સચિવશ્રી (વિવાદ), મહેસુલ વિભાગ, અમદાવાદ
- સેટલમેન્ટ કમિશનરશ્રી અને જમીન દફતર નિયામકશ્રી, ગાંધીનગર
- અધિક સચિવશ્રી (જ.સુ), મહેસુલ વિભાગ તરફ જરૂરી જાણ સારૂ
- વિભાગની તમામ શાખાઓ/સચિવાલયના સર્વે વિભાગો
- સિલેકટ ફાઇલ/નાયબસેકશન અધિકારી સિલેકટ ફાઇલ